અર્પણ

મારા બાળકો સૌમ્યા અને સ્મયનને.

તેમનાં કદી ન પુરા થતાં પ્રશ્નોએ
મને વધુ વિચારશીલ અને સર્જનાત્મક બનાવ્યો છે.

# પ્રસ્તાવના

એક ડૉક્ટર તરીકે દર્દીઓ અને સારવાર સાથે સંકળાયેલા સંવેદનશીલ પ્રસંગોનું આલેખન કરવું એ સહજ છે. એક તબીબ હોવાની સાથે કવિતા અને ગઝલ રચવી પણ અસામાન્ય નથી. પરંતુ એક ડૉક્ટર અને બાળવાર્તાઓ? આ સંયોજન થોડું અચરજ પમાડે તેવું લાગવું સ્વાભાવિક છે. આપ સૌને ચોક્કસ પ્રશ્ન થાય કે આ વાર્તાઓનો ઉદ્ભવ કેવી રીતે થયો હશે?

મારા બાળકોને નાનપણથી જ હું કેટલીક કલ્પિત વાર્તાઓ સંભળાવતો આવ્યો છું. આ વાર્તાઓનો ઉદ્દેશ જીવનનાં મૂલ્યોને સહજ રીતે તેમને સમજાવવાનો રહ્યો છે. મારા બાળપણની સુંદર યાદોમાં દાદા-દાદી અને કુટુંબના વડીલો સાથે વિવિધ ધાર્મિક સ્થળોએ જવાનું એક ખાસ સ્થાન છે. એ જ ધાર્મિક ભાવના જળવાઈ રહે તે હેતુથી અમે ઘણીવાર ગાંધીનગર નજીક આવેલ મહુડી તીર્થસ્થળે બાળકોને લઈ જઈએ અને રસ્તામાં પેથાપુર પાસે એક નાનકડો વિરામ લઈએ.

પેથાપુર ગામની બહાર ચાની કીટલી પર પરંપરાગત પહેરવેશમાં સજ્જ કેટલાક ખેડૂતો ચાની ચુસકી લેતા દેખાય. મારા બાળકો તેમને જોઈ કૂતુહલથી પૂછે, “પપ્પા, આ અંકલ કોણ છે?” અને હું હસીને કહું, “આ છે મફાકાકા – પેથાપુરના સરપંચ!”

એમ કરીને જન્મે મફાકાકા. અને પછી બાળકોને મફાકાકા વિશે વધુ જાણવાની ઈચ્છા થાય... અને સર્જાય વાર્તાઓ – એવી વાર્તાઓ, જે બાળકોને આડકતરી રીતે જીવનનાં મૂલ્યો સમજાવે.

મફાકાકા સાથે આવે તેમના મિત્રો – બળદેવ, છગન, અમથો, મગન અને મોતી. બાળકોને વધુ રસ પડે એ માટે મફાકાકાના બાળકોનાં નામ રાખ્યાં – ‘ઝમકૂડો’ અને ‘ઝમકૂડી’, અને તેમની મમ્મી... રમલીબૂન. પેથાપુરમાં અવારનવાર નવી સમસ્યાઓ અને પ્રશ્નો ઉદ્ભવે અને સૌ ગામવાસીઓ હળીમળીને તે પ્રશ્નોનો ઉકેલ લાવે.

આ દરેક વાર્તામાં એક રમૂજ છે, કલ્પિત ગામની ખાટી-મીઠી વાતો છે, ગામના લોકોની કુટુંબભાવના છે. મોબાઈલ અને ટીવી વગરનું બાળપણ છે. સાયકલ, બળદગાડા, રાજદૂત અને છકડાની સવારીના અનુભવ છે. એક એવો પ્રયત્ન છે કે આપ સૌ મારી સાથે પેથાપુરની ગલીઓમાં ફરવા લાગો અને તેના લોકજીવનનો એક ભાગ બની જાઓ. દરેક વાર્તાના અંતે મફાકાકા તેમની આગવી શૈલીમાં એક સુંદર સંદેશ આપે છે.

આજકાલના બાળકોનું પેરેન્ટિંગ સરળ નથી. કેટલાક લોકો તેને ‘Alpha Parenting’ પણ કહે છે. આ રસપ્રદ વાર્તાઓ દ્વારા બાળકોને ‘કલ્પનાની પાંખો’ આપવાનો પણ એક હેતુ છે. ઇન્સ્ટન્ટ ઇન્ટરનેટના યુગમાં બાળકોની કલ્પનાશક્તિ પૂર્ણ રીતે વિકસે નહીં તેનું જોખમ રહે છે. બાળકને સીધી સલાહ આપવી ક્યારેક તેમની આસપાસ અદૃશ્ય દીવાલ ઊભી કરે છે. પરંતુ રસપ્રદ વાતો દ્વારા આડકતરી રીતે સંદેશ આપવો વધુ અસરકારક હોય છે – એવો મારો અનુભવ છે.

આ વાર્તાઓ વાંચતા આપ પાત્રોને પોતાની કલ્પનામાં જીવંત કરી શકશો. મારી કલ્પનાનાં આ પાત્રોને સુંદર રીતે કંડારવા અને મહત્ત્વપૂર્ણ પ્રસંગોને ઇલસ્ટ્રેટ કરવા બદલ હું ધારા અને ધૈવત રામાનુજનો હૃદયપૂર્વક આભારી છું.

પેથાપુરની આ વાતો લાંબા સમય સુધી અમારા બેડ-ટાઈમ રૂટિનનો ભાગ રહી છે. મારાં બાળકોના આગ્રહથી જ આ વાર્તાઓને શબ્દરૂપ આપ્યું છે. આશા છે કે આ સહજ વાતો આપ અને આપના બાળકો વચ્ચે પણ સ્નેહનો એક નવો સેતુ બાંધશે.

**– ડૉ. મૌલીન શાહ**

# અનુક્રમ


1. પેથાપુરમાં આવ્યો દીપડો . . . . . . . . . . . . . . . . . . . 9
2. એક વારનું ખોટું, બોલાવે હજાર ખોટાં . . . . . . . . . . .21
3. ડરનું કરો ડિસેક્શન . . . . . . . . . . . . . . . . . . . . . .31
4. પેથાપુરનો ચોર . . . . . . . . . . . . . . . . . . . . . . . .41
5. કોઈ 'નાનું' હોતું નથી . . . . . . . . . . . . . . . . . . . . .53
6. ખોટા વાયદાના નથી હોતા ફાયદા . . . . . . . . . . . . .65
7. નાસીપાસ થવાનું નહીં . . . . . . . . . . . . . . . . . . . 76
8. શંકાની સોય . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .86
9. પેથાપુરનું ભૂત . . . . . . . . . . . . . . . . . . . . . . . . 96
10. પેથાપુરની ક્રિકેટ-મૅચ . . . . . . . . . . . . . . . . . . . . .109
11. પેટ પારકું હોતું નથી . . . . . . . . . . . . . . . . . . . . .121
12. ભણતરનું ગણતર. . . . . . . . . . . . . . . . . . . . . . .133